તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 16-Nov-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ‘છેલ્લા 10 વર્ષમાં દેશના યુવાનોમાં જોખમ લેવાની ક્ષમતામાં વધારો થયો છે.’
2) પ્રધાનમંત્રી આજથી છ દિવસ નાઈજીરીયા, બ્રાઝીલ અને ગુયાનાની મુલાકાતે જશે.
3) લોકસભાના અધ્યક્ષ ઑમ બિરલાએ કહ્યું, ‘નિયંત્રક અને મહાલેખા પરીક્ષક સંપૂર્ણ રીતે પારદર્શકતાથી કામ કરી રહ્યું છે.’
4) ઉત્તરપ્રદેશના બિજનોર જિલ્લામાં માર્ગ અકસ્માતમાં અંદાજે સાત લોકોના મોત
5) બિહારમાં રમાઈ રહેલી મહિલા એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત આજે ચીન સામે રમશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PM SUMMIT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, 'છેલ્લા 10 વર્ષમાં દેશના યુવાનોમાં જોખમ લેવાની ક્ષમતામાં વધારો થયો છે.' ખાનગી મીડિયા સંસ્થાના લીડરશીપ સમિટને સંબોધતાં શ્રી મોદીએ આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, 'સોશિયલ મીડિયાના આ યુગમાં, જ્યાં અફવા અને દુષ્પ્રચાર થઈ રહ્યો છે. ત્યારે આવા સમયે સરકાર પોતાના સંકલ્પ સાથે મજબૂતીથી ઊભી છે.' શ્રી મોદીએ કહ્યું, તેમની સરકાર વોંટ બેન્કની રાજનીતિથી દૂર રહે છે અને લોકોનો અને લોકો દ્વારા વિકાસના મંત્ર સાથે કામ કરી રહી છે. સરકાર દેશને વિકસિત દેશ બનાવવાનું લક્ષ્ય રાખતી હોવાનો પણ તેમણે પુનઃરોચ્ર્ચાર કર્યો હતો.

(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી- પીપલ)

આતંકવાદ અંગે શ્રી મોદીએ કહ્યું કે, સમય બદલાઈ ગયો છે. આજે આતંકવાદીઓ પોતાના જ ઘરમાં અસલામતી અનુભવી રહ્યા છે. શ્રી મોદીએ ઉમેર્યું કે, વર્ષ 2014માં દેશનું કેન્દ્રીય બજેટ આશરે 16 લાખ કરોડ રૂપિયા હતું, જે આજે 48 લાખ કરોડ રૂપિયા છે. છેલ્લા 10 વર્ષમાં યુવાનોમાં જોખમ લેવાની ક્ષમતા વધી હોવાનો પણ શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો હતો.

(બાઈટ- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી- રિસ્ક ટેકિંગ)

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PM-THREE-NATION VISIT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી છ દિવસ નાઈજીરીયા, બ્રાઝીલ અને ગુયાનાની મુલાકાતે જશે. તેઓ પ્રથમ તબક્કામા નાઈજીરીયા જશે. નાઈજીરિયામાં તેમના બે દિવસના રોકાણ દરમિયાન, પ્રધાનમંત્રી બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરવા અને દ્વિપક્ષીય સંબંધોને વધારવા માટેના નાઈજીરીયાના ટોચના નેતૃત્વ સાથે વાતચીત કરશે. તેઓ નાઈજીરીયામાં ભારતીય સમુદાયના એક સંમેલનને પણ સંબોધિત કરશે.

શ્રી મોદી 18મી નવેમ્બરે બ્રાઝીલના રિયો ડી જાનેરોમાં આયોજિત G20 સમિટમાં ભાગ લેશે. આ સમિટ દરમિયાન, શ્રી મોદી વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર ભારતની સ્થિતિ રજૂ કરશે.

ત્રીજા અને અંતિમ ચરણમાં પ્રધાનમંત્રી મોદી 19 થી 21 નવેમ્બર સુધી ગુયાનાની મુલાકાત લેશે. તેમની મુલાકાત દરમિયાન શ્રી મોદી રાષ્ટ્રપતિ અલી સાથે ચર્ચા કરશે અને ભારતીય સમુદાય સાથે વાતચીત પણ કરશે.

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *BIRLA AUDIT DIWAS*

લોકસભાના અધ્યક્ષ ઑમ બિરલાએ જણાવ્યું કે, નિયંત્રક અને મહાલેખા પરીક્ષક – CAG એ સંપૂર્ણ રીતે પારદર્શકતાથી કામ કરી રહ્યું છે અને તેની વિશ્વસનીયતા અને પ્રમાણિકતા સમગ્ર વિશ્વમાં વખણાઈ રહી છે.' નવી દિલ્હીમાં ચોથા ઑડિટ દિવસને સંબોધતા શ્રી બિરલાએ આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, વિવિધ દેશમાંથી આવતા લોકો ભારતની ઑડિટ વ્યવસ્થાનો અભ્યાસ કરવા આવે છે. આ મુલાકાતીઓ ભારતીય પ્રણાલીથી શીખે છે અને તેને પોતાના દેશમાં લાગુ કરવાનો પ્રયાસ કરે છે.

દર વર્ષે 16 નવેમ્બરે CAGની સ્થાપના અને સુશાસન, પારદર્શકતા અને જવાબદારીમાં તેના યોગદાનની યાદમાં ઑડિટ દિવસ મનાવવામાં આવે છે.

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

## *JHARKHAND MAHARASHTRA ELECTIOM*

ઝારખંડ અને મહારાષ્ટ્રમાં 20 નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચુંટણી માટેનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ  આજે મહારાષ્ટ્રમાં  મેરા બૂથ સબસે મજબૂત કાર્યક્રમમાં કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. તેમણે  મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા પક્ષના કાર્યકરો સાથે વાતચીત કરતાં મહારાષ્ટ્રમાં મહાયુતિની જીત નિશ્ચિત કરવા તમામ કાર્યકર્તાઓના વંદન-અભિનંદન કર્યા હતા. આ સાથે કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નીતિન ગડકરી મહારાષ્ટ્રમાં સોલાપુર, પુણે અને સાંગલીમાં પ્રચાર કરશે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ ગઢચિરોલી,ચંદ્રપુર, મુંબઈ અને પુણેમાં પ્રચાર કરશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે બે રેલીઓને સંબોધશે, જ્યારે પ્રિયંકા ગાંધી વાડ્રા ત્રણ રેલીઓનું નેતૃત્વ કરશે. નાયબ મુખ્યમંત્રી અજિત પવાર પોતાના રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ માટે સોલાપુર, પુણે અને નાસિકમાં પ્રચાર કરશે. જ્યારે વરિષ્ઠ નેતા શરદ પવાર પોતાના રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ માટે સતારા અને રાયગઢમાં પ્રચાર કરશે તો સાંસદ સુપ્રિયા સુલે પુણેમાં અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે મુંબઈ અને થાણેમાં પ્રચાર કરશે.

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે રાષ્ટ્રીય લોકતાંત્રિક દળ -NDA અને ઇન્ડિ ગઠબંધન બંને જૂથોના રાજકીય આગેવાનો તેમના પક્ષના ઉમેદવારોના સમર્થનમાં રેલીઓ યોજી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહ આજે દુમકા, દેવઘર અને ધનવરમાં ત્રણ ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે જામતારા અને ખિજરીમાં જાહેરસભાઓ કરશે.

ઝારખંડ મુક્તિ મોરચાના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી હેમંત સોરેન રાજ્યભરમાં છ રેલીઓને સંબોધિત કરશે. રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ ગોડ્ડા ખાતે સભાને સંબોધશે. ભાજપના નેતા મિથુન ચક્રવર્તી દુમકા અને જામતારામાં રેલીઓ યોજશે. જ્યારે શિવરાજસિંહ ચૌહાણ, હિમંતા બિસ્વા સરમા અને ચંપાઈ સોરેન સહિત ભાજપના કેટલાક નેતાઓ પણ NDA ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરશે. AJSU પાર્ટી અને ડાબેરી પક્ષોના નેતાઓ ઝારખંડના વિવિધ ભાગોમાં રેલીઓ અને રોડ શો યોજશે. મતગણતરી આ મહિનાની 23 તારીખે થશે.

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *JHARKHAND CAMPAIGNING*

ઝારખંડમાં લિટ્ટીપાડા વિધાનસભા મતવિસ્તારથી ઝારખંડ મુક્તિ મોરચાના ધારાસભ્ય દિનેશ મરાન્ડી ભારતીય જનતા પક્ષમાં જોડાઈ ગયા છે. તેમણે કહ્યું કે, હેમન્ત સૉરેનના નેતૃત્વવાળી સરકાર રાજ્યમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોને રક્ષણ આપી રહી છે. શ્રી મરાન્ડી ભાજપના ઝારખંડ ચૂંટણી પ્રભારી શિવરાજસિંહ ચૌહાણની હાજરીમાં પક્ષમાં જોડાયા હતા.

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો...**

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *BIJNOR ACCIDENT*

ઉત્તરપ્રદેશના બિજનોર જિલ્લામાં આજે સવારે એક દુર્ઘટનામાં એક જ પરિવારના 6 સભ્ય સહિત ઓછામાં ઓછા સાત લોકોના મોત નીપજ્યા છે. દહેરાદૂન નૈનીતાલ રાષ્ટ્રીય રાજમાર્ગ પર આવેલા ધામપુર વિસ્તારમાં પૂરઝડપે આવતી કાર ત્રિ-ચક્રી વાહન સાથે અથડાઈ હતી. ત્યારબાદ ત્રિચક્રી વાહનના ચાલક સહિત તમામ સાત લોકોએ જીવ ગુમાવ્યા છે.

બિજનોર જિલ્લા પોલીસ વડા અભિષેક ઝા-એ આકાશવાણી સમાચાર સાથે વાત કરતા જણાવ્યું કે, એક જ પરિવારના 6 સભ્ય મુરાદાબાદથી ત્રિ-ચક્રી વાહનમાં સવાર થઈ તિબારી પરત જઈ રહ્યા હતા. દરમિયાન કાર સાથે ટક્કર થતાં આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું અને ઈજાગ્રસ્તોને શક્ય તમામ મદદ પૂરી પાડવા અધિકારીઓને સૂચના આપી છે.

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *JHANSI-HOSPITAL FIRE*

ઉત્તર પ્રદેશના, ઝાંસી મેડિકલ કોલેજના (NICU) માં લાગેલી ભીષણ આગમાં 10 જેટલા બાળકોના મોત થયા છે. શોર્ટ સર્કિટને કારણે આગ લાગવાની માહિતી મળી હતી. હોસ્પિટલના અધિકારીઓના જણાવ્યા અનુસાર, એનઆઈસીયુ વોર્ડમાં 54 બાળકને દાખલ કરવામાં આવ્યા હતા અને ફસાયેલા ઘણા બાળકોને બચાવી લેવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટનામાં મૃત્યુ પામેલા પ્રત્યેક વ્યક્તિના સંબંધીઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયા તથા ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયા સહાય જાહેર કરી છે. સોશિયલ મીડિયાના માધ્યયમથી શ્રી મોદીએ શોકગ્રસ્ત પરિવારોને સાંત્વના પાઠવી હતી. તેમણે ઉત્તર પ્રદેશ સરકારની દેખરેખ હેઠળ સ્થાનિક વહીવટીતંત્ર રાહત અને બચાવ કામગીરીમાં શક્ય તમામ પ્રયાસો કરી રહ્યું હોવાનું કહ્યું હતું.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ઘટનાની નોંધ લીધી છે અને જિલ્લા વહીવટીતંત્રને રાહત કાર્ય ઝડપી બનાવવાનો નિર્દેશ આપ્યો છે.

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *HOCKEY*

બિહારમાં ચાલી રહેલી મહિલા એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત આજે ચીન સામે રમશે. મેચ ભારતીય સમયાનુસાર સાંજે 4.45 વાગ્યે શરૂ થશે. ભારતે ગુરુવારે થાઈલેન્ડ સામેની ત્રીજી મેચમાં 13-શૂન્યથી જીત મેળવી હતી. ચીને તે જ દિવસે જાપાન સામે 2-1થી જીત મેળવી હતી. અન્ય મેચોમાં, મલેશિયાનો મુકાબલો જાપાન સામે બપોરે 12:15 વાગ્યે થશે, જ્યારે દક્ષિણ કોરિયાનો મુકાબલો થાઈલેન્ડ સામે બપોરે 2:30 વાગ્યે થશે..

-

તા. 16-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *SQUASH*

ભારતના અભયસિંહ એસ. મલેશિયા સ્ક્વૉશ કપ સ્પર્ધાની સેમિ-ફાઈનલમાં પહોંચ્યાં છે. ગઈકાલે સાંજે ક્વાર્ટર ફાઈનલમાં અભય સિંહે ભારતનાં જ વેલાવન સેન્થિલ કુમારને ત્રણ એકથી પરાજય આપ્યો હતો. હવે આજે સેમિ-ફાઈનલમાં તેઓ ઈચૈન યોવ નગ સામે રમશે. દરમિયાન ભારતના રમિત ટંડનને ઇજિપ્તના યુસુફ સૉલિમન સામે એક ત્રણથી પરાજયનો સામનો કરવો પડ્યો છે.

.................